દેશમાં કોરોનાનો આતંક, નવા ૨૨,૭૭૧ કેસ

કોરોના સંક્રમિતોનો આંકડો ૬.૪૮ લાખને પાર, કુલ મૃત્યુઆંક ૧૮ હજારથી વધુ

ન્યુ દિલ્હી,તા.૪

અનલોક-૨ના ત્રીજા દિવસે એટલે કે ગઈકાલે શુક્રવારના રોજ દેશભરમાં ૨૪ કલાકમાં કોરોનાનાં ૨૨,૭૭૧ નવા કેસો નોંધાયા હતા. અને વધુ ૪૪૨ લોકોનાં મોત થયા હતા.ગુરૂવારે ૨૧ હજારની આસપાસ કેસો નોંધાયા તો હવે આ આંકડો ૨૨ હજારની ઉપર પહોંચ્યો છે. જે દર્શાવે છે કે છૂટછાટો વધતાં કોરોનાના કેસો પણ વધી રહ્યાં હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. તેવામાં હાલમાં શાળા-કોલેજો, જીમ, સિનેમાહાઉસ વગેરે. બંધ રાખવાનો નિર્ણય યોગ્ય હોવાનો મંત વ્યક્ત થઈ રહ્યો છે.. શુક્રવારે રિકવરી રેટ ૬૦ ટકાથી ઉપર ગયો હતો. છેલ્લા ૧૦ દિવસમાં તેમા ૪ ટકાનો વધારો થયો છે. ૨૪ જૂનના રોજ રિકવરી રેટ ૫૬ ટકા હતો. આમ તેના વધારોને સારી બાબત માનવામાં આવી રહી છે. દિલ્હીની સૌથી મોટી કોવિડ હોસ્પિટલમાં ગલવાન શહીદોના નામથી વિવિધ વોર્ડનું નામાંકરણ કરવાનોનિર્ણય લેવાયોછે.

૧ જુલાઈથી અનલોક-૨નો આરંભ શરૂ થયા બાદ દેશભરમાં કોરોનાના કેસો દિવસેને દિવસે વધી રહ્યા છે અને ૨૨,૭૭૧ નવા કેસો સાથે નવો આંકડો ૬ લાખ ૪૯ હજારને પાર કરી ગયો છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૬,૪૯,૮૮૯ કેસ નોંધાયા છે, જેમાં ૩,૯૪,૩૧૯ દર્દીઓ સાજા થયા છે. આજે શનિવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકના ગાળામાં વધુ ૪૪૨ના મોત થતાં કુલ મોતનો આંકડો ૧૮,૬૬૯ પર પહોંચ્યો છે. દેશમાં હાલમાં ૨,૩૬,૮૩૫ સક્રિય કેસ છે. એ જ રીતે, છેલ્લા ૨૪ કલાકમાં, રાજધાની દિલ્હીમાં કોરોનાના ૨,૫૨૦ નવા કેસ નોંધાયા છે, જે કુલ કેસ ૯૪,૬૯૫ પર પહોંચી ગયા છે. તે જ સમયે, છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૬,૩૬૪ કેસ નોંધાયા છે.

બીજી તરફ, ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૮૦ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૩૩૫ લોકો સાજા થયા છે. આ સાથે જ સાજા થનારાઓનો આંકડો વધીને ૩,૯૪,૨૨૭ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ ૨,૩૬,૮૩૫ કરતા વધારે છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૧૯૨૯૯૦ કેસ નોંધાયા છે જ્યારે ૮૩૭૬ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. અહીંયા ૧ લાખ ૪ હજારથી વધુ દર્દી સાજા થયા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૦૨૭૨૧ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૩૮૫ લોકોના મોત થયા છે. અને અહીંયા ૫૮ હજારથી વધુ દર્દી સાજા થયા છે. ત્યારબાદદાજધાની દિલ્હીમાં ૯૪૬૯૫ કેસ નોંધાયા છે જ્યારે ૨૮૬૪ લોકોએ જીવ ગુમાવ્યા છે

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે શનિવારે જણાવ્યું કે, દેશમાં અત્યાર સુધી ૯૫ લાખ ૪૦ હજાર ૧૩૨ થી વધુ ટેસ્ટ કરાયા છે. ૩ જૂલાઈએ ૨ લાખ ૪૨ હજાર ૩૮૩ ટેસ્ટ કરાયા હતા. તો બીજી તરફ સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધને જણાવ્યું કે, દેશમાં અત્યાર સુધી ૧૧ હજાર ૩૦૦ વેન્ટીલેટર બનાવાયા છે. જેમાંથી ૬૧૫૪ વેન્ટીલેટર હોસ્પિટલને સોંપી દેવાયા છે. સાથે જ આખા દેશમાં ૧.૦૨ લાખ ઓક્સિજન સિલેન્ડરની સપ્લાઈ કરાઈ છે.

બીજી બાજુ, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ઢઈઢ)એ દિલ્હીમાં બનીને તૈયાર થઈ રહેલી દેશની સૌથી મોટી કોવિડ હોસ્પિટલમાં ગલવાન શહીદોના નામથી વિવિધ વોર્ડનું નામાંકરણ કરવાનો નિર્ણય લીધો છે. છતરપુરમાં આવેલી આ હોસ્પિટલમાં એક સાથે ૧૦ હજાર દર્દીને રાખવાની ક્ષમતા છે.

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૧૧૨૬૦૬૭૭	૫૩૦૨૯૧	૬૩૧૨૯૩૧
ભારત	૬૬૨૬૩૮	૧૮૯૪૮	૪૦૩૦૦૯
ગુજરાત	૩૫૩૯૮	૧૯૨૭	૧૫૪૧૪
ગાંધીનગર	૭૯૭	૫૫	૫૨૦

બનાસકાંઠામાં કોરોનાનો વિસ્ફોટ એક જ દિવસમાં ૩૦ કેસ

પાલનપુરમાં રેકોર્ડ બ્રેક એક સાથે ૨૦ કેસ, ડીસામાં ૬, દાંતા ૧, વાવ ૧ અને વડગામમાં ૨ રિપોર્ટ પોઝિટિવ આવ્યા

બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કોરોના વાયરસનો વિસ્ફોટ થયો હતો. જ્યાં એક જ દિવસમાં ૩૦ પોઝિટિવ કેસ નોંધાતા પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. પાલનપુરમાં રેકોર્ડ બ્રેક એક સાથે ૨૦ કેસ, ડીસામાં ૬, દાંતા ૧, વાવ ૧ અને વડગામમાં ૨ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૭૯ પહોંચી ગઈ છે. જ્યારે ડીસામાં એક યુવકનું કોરોનાથી મોત નિપજતાં મૃત્યુઆંક ૧૩ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસે એક સપ્તાહથી માથું ઊંચક્યું છે. દિન પ્રતિદિન સ્થિતિ કાબુ બહાર જઈ રહી છે. લોકોની બેદરકારી અને તંત્રની ઢીલી કામગીરી વચ્ચે બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કોરોના વાયરસનો વિસ્ફોટ થયો હતો. જ્યાં એક જ દિવસમાં ૩૦ પોઝિટિવ કેસ નોંધાતા પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. પાલનપુરમાં રેકોર્ડ બ્રેક એક સાથે ૨૦ કેસ, ડીસામાં ૬, દાંતા ૧, વાવ ૧ અને વડગામમાં ૨ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું કે, પોઝિટિવ આવેલા લોકોને કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પરિવાર તેમજ અન્ય લોકોને હોમ કોરેન્ટાઈન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યાં કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે. તેને કન્ટેઈન્ટમેન્ટ એરિયા જાહેર કરી દેવામાં આવ્યા છે. જિલ્લામાં હાલની સ્થિતિએ કુલ કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૭૯ પહોંચી ગઈ છે. ડીસામાં યુવકનું કોરોનાથી મોત નિપજતાં મૃત્યુઆંક ૧૩ થવા પામ્યો છે.

સુરતમાં વકરતો કોરોના : ૨૦૦ વેન્ટિલેટર પહોંચાડાશે

સુરતમાં ઊંઘતા તંત્રને ઢંઢોળવા મુખ્યમંત્રી દોડ્યા, લાપતા કાનાણી હાજર : કોરોનાના મામલે સરકાર દીશાહિન, અમદાવાદમાં હજુ નિયંત્રણ મેળવાયું નથી ત્યાં સુરતમાં મહામારી પ્રસરતા સરકાર સફાળી જાગી : તંત્ર ઊભા પગે

સુરત, તા. ૪

સમગ્ર વિશ્વમાં કોરોનાએ અજગરી ભરડો લીધો છે ત્યારે ભારતમાં પણ આ મહામારી અનિયંત્રિત બની રહી છે. લોકડાઉનની માંડ નિયંત્રણમાં આવેલા સંક્રમણે અનલોકમાં તેનો પ્રાસર વધાર્યો છે. મહારાષ્ટ્ર અને નવી દિલ્હી બાદ ગુજરાતમાં કોરોનાની સ્થિતિ ચિંતાજનક છે. ગુજરાત સરકાર કોરોના પર નિયંત્રણના મામલે સુસ્ત રહી હોવાના આક્ષેપ વિપક્ષો દ્વારા થઈ રહ્યા છે એવામાં અમદાવાદ બાદ સુરતમાં પણ કોરાનાનું સંક્રમણમ વધતા સરકાર સફાળી જાગી છે અને સરકારે કેટલાક તત્કાળ પગલાં જાહેર કર્યા છે. સુરત શહેરમાં નિર્માણાધિન ૮૦૦ બેડની કિડની હોસ્પિટલ અને ૬૦૦ બેડની સ્ટેમસેલ હોસ્પિટલને ઝડપથી કોવિડ ડેડિકેટેડ હોસ્પિટલ તરીકે કાર્યરત કરવા રાજ્ય સરકાર રૂ.૧૦૦ કરોડ આપશે. સ્ટેમસેલ હોસ્પિટલ આગામી ૮ થી ૧૦ દિવસમાં અને કિડની હોસ્પિટલ ૧ મહિનામાં ઝડપથી કાર્યરત થઈ જાય તે માટેની આયોજનબદ્ધ કામગીરી હાથ ધરવા ઉપરાંત માટે વધારાના ૨૦૦ વેન્ટિલેટર રવિવાર સુધીમાં સુરત પહોંચાડવાની ખાતરી સરકાર દ્વારા આપવામાં આવી છે. રાજ્યભરમાં એમ તો કોરોનાનો કહેર વધી રહ્યો છે પણ છેલ્લા કેટલાક દિવસોમાં મહામારીએ ચાલ બદલતા અમદાવાદની સરખામણીએ સુરતમાં પોઝિટિવ કેસની સંખ્યા ઝડપભેર વધતાં સરકાર સફાળી જાગી છે. સરકારે પહેલાં રાજ્યના આરોગ્ય અગ્ર સચિવ જયંતી રવિ સહિતના ધિકારીઓને સુરત દોડાવ્યા બાદ શનિવારે ખુદ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ સુરત પહોંચી ગયા છે. જ્યારે આરોગ્ય રાજ્ય મંત્રી સામે સુરત શહેરમાં ભારે વિરોધ વ્યાપ્યો હતો અને તેઓ ખોવાયા છે એવા પોસ્ટર લાગ્યા હતા પણ શનિવારે મુખ્યમંત્રીના કાફલાની સાથે તેઓ પણ હાજર થઈ ગયા હતા. રુપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે સુરતમાં વધતા જતા કોરોના – કોવિડ ૧૯ના સંક્રમણને નિયંત્રણમાં રાખવા રાજ્ય સરકારે સુરત શહેર પર સમગ્રતયા ફોકસ કર્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે છેલ્લાં થોડા દિવસથી સુરત શહેરમાં કોરોના સંક્રમણ વધતાં સરકારે વધુ સઘન વ્યવસ્થાઓ ગોઠવીને આરોગ્ય અગ્રસચિવ સહિતના ચાર જેટલા વરિષ્ઠ સચિવોને સુરત કેમ્પ કરી સ્થિતિ નિયંત્રણના પ્રયાસો કર્યાં છે.ર તેમણે જણાવ્યું કે રાજ્ય સરકાર રોજેરોજ સાંજે વિડીયો કોન્ફરન્સ યોજીને સુરતની કોરોના સંક્રમણ સ્થિતિની માહિતી મેળવે છે અને વિશ્લેષણ કરી યોગ્ય દિશા નિર્દેશો પણ આપે છે. દરમિયાનમાં રૂપાણીએ નાયબ નિતીન પટેલ સાથે સુરત પહોંચીને સુરતમાં જિલ્લા અને શહેર વહિવટીતંત્રના અધિકારીઓ, આરોગ્ય સેવાના તબીબો,ૈંસ્છ પ્રતિનિધિ તબીબો અને જિલ્લાના સાંસદ-ધારાસભ્યો સાથે અલગ અલગ વિસ્તૃત બેઠક યોજી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત, નવા ૭૧૨ કેસ

રાજ્યમાં ૨૧ વ્યક્તિનાં મોત : સુરતમાં સૌથી વધારે ૨૫૩ કેસ સામે આવ્યા : રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૩૫ હજારને પાર, એક્ટિવ કેસ ૮૦૦૦ને પાર : કુલ મૃત્યુ ૧૯૨૭ થયા

ગાંધીનગર,તા.૪

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ટેસ્ટનું પ્રમાણ વધારતાની સાથે અપેક્ષિત કોરોનાના પોઝિટિવ કેસો સાતસોને પાર થઈ ૭૧૨ નોંધાયા છે. જેને અત્યાર સુધીના એક દિવસનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આજે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો આ સાથે ૩૫ હજારને પાર થઈ ૩૫૩૯૮ નોંધાયો છે. રાજ્યમાં વધુ ૨૧ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૯૨૭ થયો છે. રાજ્યમાં આજે ૪૭૩ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા છે. આ સાથએ ડિસ્ચાર્જના આંકડાએ ૨૫ હજારને વટાવી ૨૫૪૧૪ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૬૮ વેન્ટીલેટર સહિત ૮૦૫૭ દર્દીઓના કોરોના એક્ટિવના કુલ કેસ છે. રાજ્યમાં કોરોના પોઝિટિવના કેસ સુરતમાં સતત વધતા જાય છે. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિ સહિતના અધિકારીઓએ સુરતમાં કોરોનાના કેસો નિયંત્રણમાં લાવવા માટે બેઠક યોજી હતી. રાજ્યમાં આજ રોજ કોવિડ-૧૯ના કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૯, સુરત કોર્પોરેશનમાં ૪, રાજકોટ કોર્પોરેશનમાં ૪, મહેસાણામાં ૧, અરવલ્લીમાં ૧, કચ્છમાં ૧ અને વલસાડમાં ૧ સાથે કુલ ૨૧ મોત નોંધાયા હતા.

અમદાવાદ કોર્પોરેશનમાં ૧૬૫ અને ગ્રામ્યમાં ૭ સાથે કુલ ૧૭૨ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૧૭૧૫ થયો છે. આજે વધુ ૯ મોત સાથે મૃત્યુઆંક ૧૪૭૫ થયો છે. સુરતમાં આજે ૨૦૧ કેસ અને ગ્રામ્યમાં ૫૨ સાથે કુલ ૨૫૩ પોઝિટિવ કેસ નોંધાયા જે અત્યાર સુધીમાં સૌથી વધારે છે. આ સાથે સુરતમાં કુલ સંક્રમીતનો આંકડો ૫૭૧૪ થયો છે. જ્યારે વધુ ચાર મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૭૬ પર પહોંચ્યો છે. વડોદરા કોર્પોરેશનમાં ૩૪ અને ગ્રામ્યમમાં ૨૭ સાથે કોરોના પોઝીટીવના ૬૧ કેસ આજે નોંધાયા છે. આ સાથે વડોદરામાં કુલ સંક્રમીતનો આંકડો ૨૫૦૦ ને પાર થઈ ૨૫૦૪ નોંધાયો છે. ગાંધીનગરમાં આજે ૧૫ વધુ કોરોના પોઝીટીવના કેસ નોંધાવા સાથે સંક્રમીતનો કુલ આંકડો ૭૦૮ થયો છે. રાજ્યમાં આજે કોરોનાએ સુરત બાદ રાજકોટમાં પણ હાહાકાર મચાવ્યો છે. રાજકોટમાં આજે ગ્રામ્યમમાં ૩૬ અને કોર્પોરેશનમાં ૧૧ કેસ સાથે ૪૭ કેસો નોંધાયા હતા. આજે રાજકોટમાં ૪ મોત થયા હતા.

રાજ્યના ૮ કોર્પોરેશન અને ૨૮ જિલ્લામાં કોરોનાના કેસો નોંધાય છે. જેમાં વલસાડ ૧૯, ભરૂચ ૧૫, નવસારી ૧૧, ભાવનગર કોર્પોરેશન અને ગ્રામ્યમાં ૧૦-૧૦, જુનાગઢ કોર્પોરેશન ૯ અને ગ્રામ્ય ૧, મહેસાણા ૮, અરવલ્લી અને કચ્છ ૭-૭, પાટણ, સાબરકાંઠા અને સુરેન્દ્રનગર ૬, આણંદ અને ગીર સોમનાથ ૪-૪, મોરબી-૩, પંચમહાલ, મહીસાગર, બોટાદ અને અમરેલીમાં ૨, દાહોદ અને દેવભૂમિ દ્વારકામાં ૧-૧ કેસ નોંધાયા છે.

રાજ્યમાં આજે કુલ ટેસ્ટનો આંક વધીને ૮૪૮૧ થયો હતો. આ સાથે રાજ્યમાં કુલ ૪૦૪૩૫૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૨૬૦૬૧૪ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે જે પૈકી ૨૫૭૫૨૨ વ્યક્તિઓ હોમ ક્વોરેન્ટાઈન છે અને ૩૦૯૨ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરેન્ટાઈન કરવામાં આવી છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૧૭૧૫	૧૪૭૬	૧૬૬૧૩
સુરત	૫૭૧૪	૧૮૨	૩૮૧૬
વડોદરા	૨૫૦૪	૫૧	૧૮૦૭
રાજકોટ	૩૬૭	૧૨	૧૫૧
ગાંધીનગર	૭૦૮	૩૧	૫૨૦
ભાવનગર	૩૨૨	૧૩	૧૫૫
કચ્છ	૧૮૨	૦૬	૯૯
મહેસાણા	૩૧૮	૧૩	૧૫૬
ગીર-સોમનાથ	૮૫	૦૧	૪૮
પોરબંદર	૨૧	૦૨	૧૩
પંચમહાલ	૨૦૨	૧૬	૧૪૯
પાટણ	૨૩૫	૧૬	૧૨૫
છોટાઉદેપુર	૬૦	૦૨	૪૩
જામનગર	૨૬૬	૦૪	૧૨૧
મોરબી	૩૪	૦૧	૧૭
સાબરકાંઠા	૧૯૩	૦૮	૧૨૦
આણંદ	૨૪૫	૧૩	૨૧૦
દાહોદ	૬૬	૦૧	૪૮
ભરૂચ	૨૮૧	૧૦	૧૩૮
બનાસકાંઠા	૨૨૦	૧૧	૧૫૮
ખેડા	૧૯૭	૧૦	૧૨૫
બોટાદ	૯૯	૦૩	૬૯
નર્મદા	૯૪	૦૦	૬૯
અરવલ્લી	૨૨૨	૨૦	૧૭૯
મહીસાગર	૧૪૯	૦૨	૧૧૮
નવસારી	૧૪૨	૦૨	૬૨
તાપી	૧૨	૦૦	૦૮
વલસાડ	૧૯૮	૦૫	૬૪
જૂનાગઢ	૧૫૭	૦૪	૫૭
સુરેન્દ્રનગર	૧૮૬	૦૮	૯૬
દેવભૂમિ દ્વારકા	૨૬	૦૨	૧૬
ડાંગ	૦૪	૦૦	૦૪
અમરેલી	૯૭	૦૮	૪૬
કુલ	૩૫૩૯૮	૧૯૨૭	૧૫૪૧૪

વધુ ૧૬ કેસ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કુડાસણમાંથી ૧ અને વાવોલમાંથી ૨ કેસ નોંધાયા છે.

ચિલોડામાંથી એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને ગઈકાલથી તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દી વાણિજ્યક્ષેત્ર સાથે સંકળાયેલ હોવાથી આજે આખો દિવસ ગામમાં તે અંગેની ચર્ચાઓ સાંભળવા મળી હતી.

ગાંધીનગર તાલુકાના કુડાસણ, વાવોલમાંથી પણ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે વાવોલમાંથી એક ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી ખાનગી ફાર્મસીમાં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત એક ૧૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. આ યુવાન બર્થ ડે ની પાર્ટીમાં મિત્રો સાથે બહાર ગયાનું જાણવા મળેલ છે.

રાંદેસણમાં એક ૩૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જે ખાનગી વ્યવસાય કરતો હોવાનું જાણવા મળેલ છે.

કુડાસણમાંથી એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી કલોલ નજીકની છત્રાલ જીઆઈડીસીમાં નોકરી કરતો હોવાથી અપડાઉન કરતો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ખુબજ ઝડપથી વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. સોશિયલ ડિસ્ટન્સીંગ લોકો જાળવે તે માટે તંત્રએ અભિયાન પણ હાથ ધર્યુ છે તેમજ માસ્કને લઈ દંડનીય કાર્યવાહી પણ કરી છે.

નવા રૂપરંગ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંજુરીના અંતે કામ હાથ ધરાશે. આ બગીચાઓમાં ગ્રીન એરિયા, વોકીંગ ટ્રેક, રમતગમતના સાધનો ગજીફા સહીતની સુવિધાઓ ઉભી કરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬.૫૬ કરોડનો ખર્ચ કરાશે. અગાઉ પણ નગરના સરીતા ઉદ્યાન સહીત સેકટરોના અન્ય બગીચાઓનુ પણ કોર્પોરેશન દ્વારા રીનોવેશ કરાયુ હતુ. જયારે હવે આગામી દિવસોમાં શહેરના મોટાભાગના ઉદ્યાનોને નવા રૂપ રંગ અપાશે. નવા સેકટરોમાં પણ છેલ્લા ઘણાં સમયથી બગીચાઓ મરણપથારીએ હતા. જયારે હવે સ્થાનિકોની રજુઆતોને ધ્યાને લઈ સેકટરના બગીચાઓની દશા સુધારવા માટે રીનોવેશનની કામગીરી હાથ ધરાશે.

પાઠ્ય પુસ્તકો ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળાઓમાં હજુ પણ પુસ્તકો પહોંચ્યા નથી અલબત્ત તોતિંગ પુસ્તકો માટે ઓનલાઈન લીંક મોકલવાનુ કામ થયુ છે. પરંતુ તે ડાઉનલોડ કરવાનુ પણ વાલીઓ માટે શિરદર્દ સમાન બને તેવી સ્થિતિ છે.જયારે સરકારે પુસ્તક પહોંચાડવાની વાત કરી હતી તે મુદ્દે હજુ પણ ધો -૧૧, ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અંગ્રેજી સિવાયના પુસ્તકો મળ્યા છે. જયારે ધો -૯ અને ધો -૧૦ માં ગુજરાતી અને ચિત્રના પુસ્તકો પહોંચ્યા છે. પરંતુ ગણિત , અંગ્રેજી વિજ્ઞાન જેવા મહત્વના વિષયોના જ પુસ્તકો ઉપલબ્ધ થયા નથી ત્યારે પુસ્તકો વિના પણ વિદ્યાર્થીઓ પરેશાન છે.

આવા સંજોગોમાં શાળાએ ગયા વગર એકમ કસોટીનુ આયોજન વિદ્યાર્થીઓ જ નહીં વાલીઓ માટે પણ માથુ ખંજવાળવાનો વિષય બન્યો છે. શાળાઓમાં વિકલી, યુનિટ , છ માસિક તેમજ વાર્ષિક પરીક્ષાઓનુ આયોજન કરવામાં આવે છે. ત્યારે હાલ ઓનલાઈન શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે આનુસંગિક સુવિધાઓની પુર્તિ થાય તે પણ અનિવાર્ય હોવાનો સુર શૈક્ષણિક આલમમાં ઉઠવા પામ્યો છે.

આકાશી આફત ● અનુસંધાન પહેલાનું ચાલુ

અતિવૃષ્ટિના વાતાવરણમાં વાવાઝોડાને અટકાવવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા સમય સમય પર અપાયેલા સૂચનોનું પાલન કરવા અપીલ પણ કરી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે ખરાબ હવામાનમાં ઘરની અંદર રહો અને સુરક્ષિત રહો.

બિહારમાં શુક્રવારે રાજ્યના પાંચ જુદા જુદા જિલ્લામાં વીજળી પડવાના કારણે આઠ લોકોનાં મોત નીપજ્યાં.

જિલ્લાઓમાંથી મળેલી માહિતી અનુસાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના અધિકારીએ જણાવ્યું છે કે શુક્રવારે રાજ્યમાં વીજળી પડવાથી આઠ લોકોનાં મોત નીપજ્યાં હતાં. વીજળી પડવાના બનાવથી લખીસરાયમાં બે લોકો, સમસ્તીપુરમાં ત્રણ અને ગયા, બાંકા અને જમુઈ જિલ્લામાં એક-એક વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં.

ઈનામ જાહેર ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાનપુરમાં ચૌબેપુર અંતર્ગતના જે થાણા ક્ષેત્રમાં હિસ્ટ્રીશીટર વિકાસ દુબેના માણસોએ આઠ પોલીસ કર્મચારીની હત્યા કરી તે થાણામાં વિકાસ વિરૂદ્ધ ૬૦ જેટલા કેસ નોંધાયેલા છે. કાનપુર ખાતેની આ અથડામણ બાદ વિકાસ દુબે યુપી પોલીસ માટે મોસ્ટ વોન્ટેડ આરોપી બની ગયો છે.

છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તર પ્રદેશ પોલીસ માટે મોસ્ટ વોન્ટેડ બની ગયેલા વિકાસ દુબેને શોધવા માટે પોલીસ આખી રાત દરોડા પાડતી રહી. બીજી તરફ સૂત્રો દ્વારા માહિતી મળી રહી છે કે ચૌબેપુર પોલીસ સ્ટેશનના જ એક પોલીસે જ વિકાસ દુબેને પોલીસ દરોડા પાડવા માટે આવવાના હોવાની માહિતી આપી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે વિકાસ દુબેના ફોન કોલ ડિટેલમાં કેટલાક પોલીસવાળાઓના નંબર પણ હોવાનો ખુલાસો થયો છે. જે અત્યંત આશ્ચર્ય પમાડનારી હકીકત છે.

કોરોનાના ખોટા આંકડાથી પરિણામ ખરાબ આવશે

લોકોએ ડરવાની નહીં જાગવાની જરૂર છે : WHO : જ્યાં મહામારી ફેલાઈ રહી છે ત્યાં આકરા પગલાં સિવાય કોઈ આરો ન હોવાની વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની ચેતાવણી

ન્યૂયોર્ક, તા. ૪

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કોરોનાથી ગંભીર રીતે પ્રભાવિત હોય તેવા દેશોને ચેતવણી જારી કરી છે અને ઝઘડવાને બદલે વાસ્તવિક સ્થિતિ પર ધ્યાન આપીને મહામારીને કાબૂમાં લેવાની સલાહ આપી છે. સ્વાસ્થ્ય સંગઠનના ઈમરજન્સી ડાયરેક્ટર માઈક રેયાને જીનેવા ખાતે પત્રકારોને સંબોધિત કરતી વખતે જણાવ્યું કે, લોકોએ જાગવાની જરૂર છે. તેમણે કોવિડ મહામારીના ખોટા આંકડા આપનારા દેશોને ચેતવણી પણ આપી હતી.

રેયાને જણાવ્યું કે, અનેક દેશો આંકડાથી મળતા સંકેતોને નજરઅંદાજ કરી રહ્યા છે. આર્થિક કારણોસર વ્યાપારી ગતિવિધિ શરુ કરવાની જરૂર પડી શકે છે પરંતુ સમસ્યાને પણ નજરઅંદાજ ન કરી શકાય. આ સમસ્યાનો જાદુઈ રીતે અંત નહીં આવે. રેયાને જણાવ્યું કે, મહામારીને કાબુમાં લેવા માટે કોઈ પણ સમય મોડો ન હોઈ શકે. સમગ્ર દેશમાં લોકડાઉન લાગુ કરવાને બદલે ઓછું સંક્રમણ ફેલાયેલું હોય તેવા ક્ષેત્રોમાં શરતી ઢીલ આપવી જોઈએ, પરંતુ જે ક્ષેત્રોમાં વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો હોય ત્યાં કઠોર પગલાં લેવા સિવાય કોઈ વિકલ્પ નથી. તેમણે જણાવ્યું કે, જો વિવિધ દેશો લોકડાઉન ખોલી દેશે અને તેમના પાસે વધી રહેલા કેસ સામે ડીલ કરવા કોઈ ક્ષમતા નહીં હોય તો સૌથી ખરાબ સ્થિતિ નિર્માણ પામશે. જો સ્વાસ્થ્ય વ્યવસ્થા દર્દીઓની સારવારમાં અસફળ રહેશે તો વધુ લોકો પોતાનો જીવ ગુમાવશે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ઈમરજન્સી મામલાના ડાયરેક્ટર માઈક રેયાને જણાવ્યું કે કેટલાક દેશોમાં કેસ વધવા પર ફરીથી કડક નિયમો અમલી કરવામાં આવે તે જરૂરી બની શકે છે. સાથે જ તેમણે ટ્રાન્સમિશન ઘટાડવા સિવાય અન્ય રીતે વાયરસને કાબુમાં લેવો શક્ય છે તેવો સવાલ કર્યો હતો અને જો તેમ શક્ય ન હોય તો લોકડાઉન સિવાય કોઈ વિકલ્પ નથી તેમ જણાવ્યું હતું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧